# સોફ્ટ વન એન્ટરપ્રાઇઝ

## વર્ઝન નંબર ૧૧.૫૬ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

### કેશ બુક, બેંક બુક, જર્નલ બુક અને ખાતાવહી (Cash Book, Bank Book, Journal Book and Ledger)

ટેક્સટ ફાઇલ બનાવવાનો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

## વર્ઝન નંબર ૧૧.૫૪ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

### કરકપાતની વિગતોની એન્ટ્રી (TDS Details Entry) (e-TDS FVU વર્ઝન ૩.૮ માટે)

**હેડ કોડ:** જો કરકપાતની ચુકવણી, રાબેતા મુજબ, (ટીડીએસ ચલણમાં દર્શાવેલ Minor Head Code ૨૦૦ સંદર્ભે) કરવામાં આવી હોય તો "**૧**" આપવું. પરંતુ જો તે આકારણી અધિકારી દ્વારા કરવામાં આવેલ આકારણીના સંદર્ભમાં (ટીડીએસ ચલણમાં દર્શાવેલ Minor Head Code ૪૦૦ સંદર્ભે) કરવામાં આવી હોય તો "**૨**" આપવું.

**લેટ ફી:** લેટ ફી ની રકમ દર્શાવવી.

### કરકપાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 26-Q)

ટીડીએસ ફાઇલ વેલિડેશન યુટિલિટી વર્ઝન ૩.૮ ને અનુરૂપ ફાઇલ બનાવવા જોઇતા ફેરફારો કરવામાં આવ્યા છે.

### ઘરાકોના માસ્ટરનું લિસ્ટ (Debtors Master Listing)

ઘરાકોની માહિતી ધરાવતો રિપોર્ટ, સન્ડ્રી રિપોર્ટસ (Sundry Reports) વિકલ્પ હેઠળ ઉમેરવામાં આવ્યો છે. અનેક અત્યંત ઉપયોગી વિકલ્પો ધરાવતો આ રિપોર્ટ, સ્ક્રીન અને પ્રિન્ટર ઉપરાંત ફાઇલ સ્વરૂપે પણ મેળવી શકાશે. રિપોર્ટ માટે જોઇતી કોલમો (વિગતો) પસંદ કરવાની તેમ જ તેમની મનગમતી ગોઠવણી કરવાની સુવિધાઓ પણ ઉપ્લબ્ધ કરાવવામાં આવી છે. જોઇતી કોલમ મેળવવા, તે વિગત સામે "Select?" કોલમ હેઠળ "**Y**"(Yes માટે) આપવું. તેવી જ રીતે, રિપોર્ટમાંથી તે કોલમ રદ કરવા, "Select?" કોલમ હેઠળ ખાલી રાખવું. કોલમોનું સ્થાન બદલવા Ctrl + ↑ અથવા Ctrl + ↓ Keys નો ઉપયોગ કરવો. કોલમોની પહોળાઇ (Width) તેમ જ દરેક કોલમ પહેલાં ખાલી રાખવાની જગ્યામાં પણ જરૂરિયાત મુજબ વધારો અથવા ઘટાડો કરી શકાશે.

### ખામી / ત્રુટિઓનું નિરાકરણ (Rectification of errors)

**અકાઉન્ટ માસ્ટર અને આઇટમ માસ્ટર** – મોડ્યુલની અંદરથી કંપની બદલતી વખતે ઉદ્ભવતી ત્રુટિ દૂર કરી લેવામાં આવી છે.

**દાણા માસ્ટર** – હવે વણજોઇતા માસ્ટર સરળતાથી દૂર કરી શકાશે.

# વર્ઝન નંબર ૧૧.૫૧ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## આઇટમ માસ્ટર (Item Master)

FDA ડિપાર્ટમેન્ટને Form D-1 ફોર્મેટમાં રિપોર્ટ આપવા માટે, આઇટમ માસ્ટરમાં, વર્ષ દરમ્યાન વેચાણ થયેલ દરેક આઇટમનો FDA Code જણાવવાનો રહેશે. હાલ, દરેક આઇટમનું અનાજ, કઠોળ, સાકર, તેલીબિયાં, વગેરેમાં વર્ગીકરણ કરવાનું જણાવવામાં આવ્યું છે. તેમ છતાં દરેક વેપારીએ આ બાબતમાં પોતાની જરૂરિયાત મુજબ, અસોસિએશન અથવા અન્ય સત્તાવાળાઓ તરફથી, યોગ્ય માર્ગદર્શન મેળવી લેવું. નવા FDA માસ્ટર ખોલવા, વણજોઇતા માસ્ટર દૂર કરવા અથવા હયાત માસ્ટરમાં સુધારો કરવા FDA માસ્ટરની હેલ્પનો ઉપયોગ કરવો.

## ઘરૂ આવક અને વછાતી આવક એન્ટ્રી (Garu Aavak & Vachhati Aavak Entry)

ગોડાઉન આવક તારીખની સામે જુની તારીખ નાખતાં, તે મતલબનો મેસેજ દર્શાવવામાં આવશે તેમ જ **Ctrl + Enter** દ્વારા કન્ફર્મ કરવાનું રહેશે.

## વેચાણ એન્ટ્રી (Sales Entry)

અગાઉ, ગોડાઉનની સામે Ctrl + Tab દબાવતાં, Godown, Bill No, વગેરે જેવા ઉપરના ભાગમાં દર્શાવાતાં કેપ્શન ઘટ્ટ સફેદ રંગમાં ફેરવાઇ જતાં હતાં. હવે તેમ ન થતાં, Godown કેપ્શન, કેપિટલ અક્ષરોમાં GODOWN કેપ્શનમાં ફેરવાઇ જશે.

## ખરીદ રજીસ્ટર (Purchase Register)

વિવિધ વિકલ્પો તેમ જ ફિલ્ટર્સની પસંદગી માટે નવું ફોર્મેટ આપવામાં આવ્યું છે.

આઇટમ ગ્રુપ પ્રમાણે આઇટમની ખરીદીની સમરી માટેનો નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. આ વિકલ્પ પસંદ કરતાં દરેક આઇટમના નંગ, વજન, માલની રકમ, બારદાન ચાર્જ સહિતની કાચી રકમ તેમ જ બીલની રકમનો ટોટલ દર્શાવવામાં આવશે.

## દાણા દલાલી (%) રિપોર્ટ (Dana Dalali (%) Report)

વિવિધ વિકલ્પો તેમ જ ફિલ્ટર્સની પસંદગી માટે નવું ફોર્મેટ આપવામાં આવ્યું છે.

## <u>એફડીએ માટે ફોર્મ ડી-૧ રિપોર્ટ (Report for FDA Form D-1)</u>

APMC/ST/FDA Reports હેઠળ આ રિપોર્ટ ઉમેરવામાં આવ્યો છે. અગાઉ જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૧૨-૧૩ માટે, દરેક આઇટમને અનાજ, કઠોળ, સાકર, તેલીબિયાં, વગેરેમાં વર્ગીકૃત કરી આ રિપોર્ટ મેળવવાનો છે. નવા વર્ષથી (૧/૪/૨૦૧૩ બાદ) દરેક આઇટમની જુદી જુદી પેકિંગ મુજબ આ રિપોર્ટ રજુ કરવાનો છે. આ માટે રિપોર્ટમાં FDA Codewise અથવા Item Codewise નો વિકલ્પ ઉપ્લબ્ધ કરાવવામાં આવ્યો છે. અન્ય વિકલ્પોમાં, દરેક ગોડાઉન પ્રમાણે તેમ જ ઘરૂ અને વછાતોના વેચાણની જુદી જુદી વિગતો પણ મેળવી શકાશે. જરૂરિયાત મુજબ, વજન પણ ગ્રોસ વજન અથવા નેટ વજનના ધોરણે મેળવી શકાશે. વજનને મેટ્રીક ટનમાં રૂપાંતર કરવાનું કાર્ય વપરાશકારે કરવાનું રહેશે. વેચાણ રકમની ગણત્રી કરવા પણ વિવિધ વિકલ્પો આપવામાં આવ્યા છે. દા.ત. માલની રકમમાં બારદાન ચાર્જની રકમ ઉમેરવાનો વિકલ્પ પસંદ કરાશે, તો તે વેચાણની રકમ, વેચાણ ખાતા તેમ જ વછાતોના ખાતામાં જમા થયેલ રકમ સાથે ટેલી થશે. પરંતુ વધુ વાસ્તવિક રકમ (બીલ પ્રમાણે વજન x વેચાણ ભાવ દ્વારા ઉપ્લબ્ધ થતી રકમ) મેળવવા, જો તેમાં વેચાણ પ્રોત્સાહનની રકમ તેમ જ અસોસિએશન લાગાની રકમ પણ ઉમેરવામાં આવશે તો તે, સ્વાભાવિકપણે, વેચાણ ખાતા તેમ જ વછાતોના ખાતામાં જમા થયેલ રકમ સાથે ટેલી થશે નહીં. કારણ કે તે રકમો તેમના સંબંધિત ખાતાઓમાં જમા થશે અને નહીં કે વેચાણ/વછાતોના ખાતાઓમાં. આથી ઓડિટ રિપોર્ટ પ્રમાણે ટેલી કરવા, માલની રકમમાં ફક્ત બારદાન ચાર્જની રકમ ઉમેરવાનો વિકલ્પ વધુ યોગ્ય જણાય છે. તેમ છતાં, આ બાબતમાં, અસોસિએશન/અન્ય તરફથી, યોગ્ય માર્ગદર્શન મેળવી લીધા બાદ જ ડિપાર્ટમેન્ટને રિપોર્ટ રજુ કરવા ભારપુર્વક વિનંતી.

## <u>વેચાણ રજીસ્ટર (વેટ માટે)</u> **(Sales Register (VAT Purpose))**

વિસ્તૃત માહિતી ધરાવતું છતાં સમજવામાં સરળ નવું ફોર્મેટ–૨ ઉમેરવામાં આવ્યું છે. દરેક મહિના પ્રમાણે રિપોર્ટ જોવા માટેનો વિકલ્પ પણ આ ફોર્મેટમાં ઉપલબ્ધ થશે.

ઘરૂ તેમ જ વછાતોના (મહારાષ્ટ્રનાં તેમ જ બહારનાં) માલની વેચાણ રકમ, વેરાપાત્ર રકમ, વેરાની રકમ, વગેરે જેવી વિવિધ રકમો દરેક ટેક્ષ કોડ પ્રમાણે મેળવી શકાશે.

આ રિપોર્ટને વધુ સારી રીતે સમજવા, સામાન્ય વેપારી દ્વારા બનાવવામાં આવતાં સરેરાશ બીલના માળખાને સમજવું જરૂરી છે. નીચે જણાવેલ બીલનું માળખું ફક્ત ઉદાહરણરૂપે મુકવામાં આવ્યું છે જે અન્ય વેપારી દ્વારા અપનાવવામાં આવેલ માળખાથી જુદું હોઇ શકે છે.

| **નેટ વજન** | **નેટ ભાવ** | **રકમ** |
|---|---|---|
| ૨૦૦ કિલો | ૫૦૦૦.૧૦**(a)** | ૧૦૦૦૦.૨૦**(b)** |
| + બારદાન ચાર્જ | | ૪૦.૦૦**(c)** |
| | કાચી રકમ | ૧૦૦૪૦.૨૦ |
| + ૧૦૦૦૦.૨૦**(d)** ઉપર ૫% લેખે વેટ | | ૫૦૦.૦૦ |
| | | ૧૦૫૪૦.૨૦ |
| + ૧૦૦૦૦.૨૦ ઉપર ૦.૮૦% લેખે એપીએમસી | | ૮૦.૦૦**(e)** |
| + હેલ મજુરી | | ૧૦૦.૦૦**(e)** |
| | નેટ બીલની રકમ | ૧૦૭૨૦.૨૦ |

**(a)** ઘરાકોના નેટ ભાવમાં, વેચાણ પ્રોત્સાહનનો દર તેમ જ અસોસિએશન લાગાનો દર પણ સામેલ કરવામાં આવ્યો છે. ઉપર જણાવેલ ઉદાહરણમાં, બજાર ભાવ રૂપિયા ૪,૮૦૦ ધારી લેવામાં આવે તો, ઘરાકના નેટ ભાવ રૂપિયા ૫,૦૦૦.૧૦ માં, વેચાણ પ્રોત્સાહનના રૂપિયા ૨૦૦ તેમ જ અસોસિએશન લાગાના ૧૦ પૈસાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(b)** આથી, ઉપર જણાવેલ માલની રકમ રૂપિયા ૧૦૦૦૦.૨૦ માં ત્રણ જુદી જુદી રકમો સમાવિષ્ટ છે. પ્રથમ રૂપિયા ૯,૬૦૦ વેચાણ ખાતે (અથવા વછાતી માલનું વેચાણ થયું હોય તો વછાત ખાતે) જમા થશે. ત્યારબાદ રૂપિયા ૪૦૦, વેચાણ પ્રોત્સાહન ખાતે જમા થશે. અંતમાં ૨૦ પૈસા અસોસિએશન લાગા ખાતે જમા થશે.

**(c)** બારદાન ચાર્જનાં રૂપિયા ૪૦, વેચાણ અથવા વછાત, જે લાગુ પડતું હશે તે, ખાતેજમા થશે.

**(d)** ઉપર જણાવેલ ઉદાહરણમાં, વેટ માટેની વેરાપાત્ર રકમ ૧૦૦૦૦.૨૦ થશે. પેતાના વેરા સલાહકારની સલાહ પ્રમાણે, અમુક વેપારીઓએ માલની રકમ ઉપરાંત બારદાન ચાર્જ ઉપર, તેમ જ અમુક અન્ય વેપારીઓએ એપીએમસી અને હેલમજુરી ઉપર પણ વેટ વસુલ કરવાની પધ્ધતિ અપનાવી છે. આવા કિસ્સાઓમાં વેરાપાત્ર રકમમાં આગળ નીચે જણાવેલ કોષ્ટકો પ્રમાણે ફેરફારો થશે. જો કે મોટા ભાગના

વેપારીઓ, ઘરાકોની આનાકાની અને તેના કારણે વેપારમાં શક્ય નુક્સાનીના ભયે, ફક્ત માલની રકમ ઉપર વેટ વસુલ કરવાનું પસંદ કરે છે.

**(e)** એપીએમસી અને હેલમજુરી તેમના સંબંધિત ખાતાઓમાં જમા થશે.

આથી હવે, એ સમજવું સરળ રહેશે કે વેરાપાત્ર રકમ અને માલની રકમ ભિન્ન હોઇ શકે છે. વેરાપાત્ર રકમમાં, માલની રકમ (જે વેચાણ ખાતે જમા થશે) ઉપરાંત, અન્ય રકમો જેમ કે વછાતોના માલના વેચાણની રકમ, વેચાણ પ્રોત્સાહનની રકમ, અસોસિએશન લાગાની રકમ, વગેરે જેવી રકમો (કે જે તેમના સંબંધિત ખાતાઓમાં જમા / ઉધાર થશે) પણ સમાવિષ્ટ હોઇ શકે છે. વધારામાં, બીલની રકમમાં અન્ય રકમો જેમ કે એપીએમસી, હેલમજુરી, વગેરે (કે જે તેમના સંબંધિત ખાતાઓમાં જમા થશે) જેવી રકમો પણ સમાવિષ્ટ હોઇ શકે છે જે વેરાપાત્ર નથી.

ઉપર જણાવેલ બીલને નવા ફોર્મેટ–૨ માં આ રીતે દર્શાવવામાં આવશે.

| **માલની રકમ** Goods Amount | **બારદાન** ContCh | **કાચી રકમ** Gross Amount | **(-)બારદાન** (-)ContCh | **અન્ય વેરાપાત્ર** OthersTaxable | **કુલ વેરાપાત્ર** Chargeable | **વેરો** Tax |
|---|---|---|---|---|---|---|
| **Tax Type : VAT @ 5%** | | | | | | |
| ૯૬૦૦.૦૦ | ૪૦.૦૦ | ૯૬૪૦.૦૦ | -૪૦.૦૦ | ૪૦૦.૨૦ | ૧૦૦૦૦.૨૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| ઉમેરો : બારદાન ચાર્જ | ૪૦.૦૦ | |
| : એપીએમસી | ૮૦.૦૦ | |
| : હેલ મજુરી | ૧૦૦.૦૦ | |
| : વેટ | ૫૦૦.૦૦ | ૭૨૦.૦૦ |
| **ટોટલ બીલ રકમ** | | ૧૦૭૨૦.૦૦ |
| અન્ય વેરાપાત્ર રકમની વિગતો | | |
| વેચાણ પ્રોત્સાહન | ૪૦૦.૦૦ | |
| અસોસિએશન લાગો | ૦.૨૦ | ૪૦૦.૨૦ |

ઉપર જણાવેલ રિપોર્ટમાં, માલની રકમ રૂપિયા ૯,૬૪૦ વેચાણ અથવા વછાત ખાતે, જે લાગુ પડતું હોય તે મુજબ, જમા થશે. વેરાપાત્ર રકમ મેળવવા, બારદાન ચાર્જના રૂપિયા ૪૦ ઉપર વેરો ન લાગતો હોઇ તે રકમ બાદ કરવામાં આવશે. ત્યાર બાદ અન્ય વેરાપાત્ર રકમ રૂપિયા ૪૦૦.૨૦, જેની વિગતો અલગથી ઉપર દર્શાવવામાં આવી છે, તે ઉમેરવામાં આવશે. આ પ્રમાણે ગણત્રી કરતાં કુલ્લ વેરાપાત્ર રકમ રૂપિયા ૧૦૦૦૦.૨૦ પ્રાપ્ત થશે જેની ઉપર ૫% ના દરે રૂપિયા ૫૦૦ વેરો લાગુ પડશે. વેરાપાત્ર રકમમા રૂપિયા ૭૨૦, કે જેની ઉપર વેટ લાગુ પડતો નથી, તે ઉમેરવામાં આવતાં નેટ બીલની રકમ પ્રાપ્ત થશે.

જે વેપારીઓ બારદાન ચાર્જ ઉપર પણ વેરો વસુલ કરે છે પરંતુ એપીએમસી, હેલમજુરી, વગેરે ઉપર નથી કરતાં, તેમના કિસ્સામાં રિપોર્ટ નીચે જણાવ્યા પ્રમાણે દર્શાવવામાં આવશે.

| **માલની રકમ Goods Amount** | **બારદાન ContCh** | **કાચી રકમ Gross Amount** | **(-)બારદાન (-)ContCh** | **અન્ય વેરાપાત્ર OthersTaxable** | **કુલ વેરાપાત્ર Chargeable** | **વેરો Tax** |
|---|---|---|---|---|---|---|
| **Tax Type : VAT @ 5%** | | | | | | |
| ૯૬૦૦.૦૦ | ૪૦.૦૦ | ૯૬૪૦.૦૦ | -- | ૪૦૦.૨૦ | ૧૦૦૪૦.૨૦ | ૫૦૨ |
| | | ઉમેરો : એપીએમસી | | ૮૦.૦૦ | | |
| | | : હેલ મજુરી | | ૧૦૦.૦૦ | | |
| | | : વેટ | | ૫૦૨.૦૦ | ૬૮૨.૦૦ | |
| | | **ટોટલ બીલ રકમ** | | | **૧૦૭૨૨.૨૦** | |
| | | અન્ય વેરાપાત્ર રકમની વિગતો | | | | |
| | | વેચાણ પ્રોત્સાહન | | ૪૦૦.૦૦ | | |
| | | અસોસિએશન લાગો | | ૦.૨૦ | ૪૦૦.૨૦ | |

જે વેપારીઓ બારદાન ચાર્જ ઉપરાંત, એપીએમસી, હેલમજુરી, વગેરે ઉપર પણ વેરો વસુલ કરે છે, તેમના કિસ્સામાં રિપોર્ટ નીચે જણાવ્યા પ્રમાણે દર્શાવવામાં આવશે.

| **માલની રકમ Goods Amount** | **બારદાન ContCh** | **કાચી રકમ Gross Amount** | **(-)બારદાન (-)ContCh** | **અન્ય વેરાપાત્ર OthersTaxable** | **કુલ વેરાપાત્ર Chargeable** | **વેરો Tax** |
|---|---|---|---|---|---|---|
| **Tax Type : VAT @ 5%** | | | | | | |
| ૯૬૦૦.૦૦ | ૪૦.૦૦ | ૯૬૪૦.૦૦ | -- | ૫૮૦.૨૦ | ૧૦૨૨૦.૨૦ | ૫૧૧ |
| | | ઉમેરો : વેટ | | | ૫૧૧.૦૦ | |
| | | **ટોટલ બીલ રકમ** | | | **૧૦૭૩૧.૨૦** | |
| | | અન્ય વેરાપાત્ર રકમની વિગતો | | | | |
| | | એપીએમસી | | ૮૦.૦૦ | | |
| | | હેલ મજુરી | | ૧૦૦.૦૦ | | |
| | | વેચાણ પ્રોત્સાહન | | ૪૦૦.૦૦ | | |
| | | અસોસિએશન લાગો | | ૦.૨૦ | ૫૮૦.૨૦ | |

# <u>વર્ઝન નંબર ૧૧.૪૫ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

**<u>આઇટમ માસ્ટર (Item Master)</u>**
જો કોઇ આઇટમના ભુલમાં એકથી વધારે આઇટમ માસ્ટર ખુલી ગયા હોય અને તેમનું એક આઇટમ માસ્ટરમાં વિલીનીકરણ કરવું હોય તો તેના માટેનો વિકલ્પ (Merge Item Codes) પણ ઉમેરવામાં આવ્યો છે જે આઇટમ કોડ ઉપર પેજ અપ દબાવતાં ઉપ્લબ્ધ થશે.

**<u>ગ્રાહક માસ્ટર (Debtor Master)</u>**
હવે દરેક ગ્રાહકનો બોક્ષ નંબર, ટ્રાન્સપોર્ટસ્નું નામ અને તેમની વિશેષ ટિપ્પણી (રિમાર્ક્સ) સાચવવાની સવલત પણ આપવામાં આવી છે.

**<u>વેચાણની એન્ટ્રીમાં બિલ નંબર ઉપર પેજ અપ દબાવતાં મળતાં વિકલ્પો</u>**

૧. **<u>મોટર નંબર વગરના બિલોની હેલ્પ (Missing Motor No Help).</u>** હવેથી આ હેલ્પમાં, આઇટમ કોડ, ગુણી/બાચકાની સંખ્યા અને ગોડાઉન કોડ પણ દર્શાવવામાં આવશે.
૨. **<u>વેચાણ બિલો સાગમટે સેવ કરવાની સવલત (Auto call-save sales bills).</u>** હાલ વેચાણ બિલો સાગમટે પોતાની મેળે કોલ અને સેવ કરવાની સવલત ઉપલબ્ધ છે. તે માટે પાત્ર બિલો, હાલ, બિલ નંબર અથવા તારીખ અથવા લોટ નંબર અથવા વછાત પ્રમાણે સિલેક્ટ કરી શકાય છે. નવા સુધારામાં હવે આ ઉદ્દેશ માટે અનેક નવા ફિલ્ટર્સ ઉમેરવામાં આવ્યા છે જેના ઉપયોગ દ્વારાજોઇતા બિલો સિલેક્ટ કરવા ઘણી સાનુકુળતા મળશે.

**<u>ડિલિવરી ઓર્ડરની એન્ટ્રીમાં ડી.ઓ. નંબર ઉપર પેજ અપ દબાવતાં મળતાં વિકલ્પો</u>**
**<u>ડિલિવરી ઓર્ડર પ્રિન્ટ કરવાની સવલત (Print Delivery Order)</u>.**
હાલ, એક સમયે એક જ ડિલિવરી ઓર્ડર પ્રિન્ટ કરવાની સવલત ઉપલબ્ધ છે. હવે એકથી વધારે, પસંદ કરેલ શ્રેણી મુજબ ડિલિવરી ઓર્ડર પ્રિન્ટ કરી શકાશે.
**<u>ડિલિવરી ઓર્ડરની સમરી ( DO Summary.)</u>**

૧. વેચાણ ભાવના ચઢતા ક્રમમાં દરેક લોટ નંબર, આઇટમ કોડ, આઇટમ માર્ક, વકલ અને થોકના કોમ્બિનેશન પ્રમાણે થયેલ ગુણી/બાચકાના વેચાણનું વિવરણ મેળવવાની સુવિધા ઉમેરવામાં આવી છે.
૨. જણાવેલ તારીખો દરમ્યાન, ફક્ત પેન્ડીંગ અથવા તમામ ડિલિવરી ઓર્ડર જોવાની સુવિધા પણ આમેજ કરવામાં આવી છે.
૩. ઉપર જણાવ્યા પ્રમાણે લોટ નંબર, વગેરેના કોમ્બિનેશન હેઠળ સમાવિષ્ટ દરેક ડિલિવરી ઓર્ડરની વ્યકિતગત વિગતો પણ **D Key** દ્વારા સ્ક્રીન ઉપર જોઇ શકાશે તેમ જ તેનો રિપોર્ટ પણ **P Key** દ્વારા પ્રિન્ટ કરી શકાશે.

**<u>વેચાણ, ડિલિવરી ઓર્ડર, જુના વેચાણ બિલો અને ચેક રિટર્ન એન્ટ્રી (Sales Entry, Delivery Order Entry, Old Sales Bills Entry, Cheque Return Entry)</u>**

૧. હવેથી, ઉપર જણાવેલ એન્ટ્રીઓમાં, ગ્રાહકનું નામ તથા ઠેકાણું ખાલી રાખી શકાશે નહીં. જો ગ્રાહકનું નામ અથવા ઠેકાણું ખાલી હશે તો તે એન્ટ્રી સેવ કરવા આપશે નહીં.
૨. હવેથી નવા ગ્રાહકનું માસ્ટર દરેક ફર્મમાં પોતાની મેળે ખુલી જશે. એકથી વધારે ફર્મ ધરાવતા વપરાશકારો માટે આ સવલત અત્યંત ઉપયોગી સાબિત થશે.

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

૧. રસીદની રકમ, પોતાની મેળે પુર્ણ રૂપિયામાં રૂપાંતર કરવા (રાઉન્ડ-ઓફ કરવા) ની નવી સવલત ઉમેરવામાં આવી છે. આ અંગેની વિસ્તૃત માહિતી, ઉદાહરણ સહિત, પેરામીટર્સ સેટિંગના શીર્ષક હેઠળ, રસીદની રકમ રાઉન્ડ-ઓફ કરવાની સવલતના પેટાશીર્ષક હેઠળ આપવામાં આવી છે.
૨. ગ્રાહકો દ્વારા, એક રસીદમાં એકથી વધારે બિલોની ચુકવણી સામાન્યપણે થતી હોય છે. અમુક કિસ્સાઓમાં ગ્રાહક રસીદની ટોટલ રકમ કરતાં ઓછી રકમ ધરાવતું હોઇ રસીદનું અંતિમ બિલ બાકી રાખવું પડે છે અને તે માટે તે બિલ સામે મેળવેલ રકમ, જાતે ગણત્રી કરી, સુધારવી પડે છે. આવા કિસ્સાઓમાં, ગણત્રી કરવામાં સરળતા રહે તે માટે, સંબંધિત રકમ પોતાની મેળે સુધારવાની નવી સુવિધા ઉમેરવામાં આવી છે. આ સવલતનો ઉપયોગ કરવા, જે બિલ સામે પાર્ટ પેમેન્ટ કરવું હોય તે બિલ સામે મેળવેલ રકમની કોલમ ઉપર Page Down (પેજ ડાઉન) key દબાવતાં આવતી વિન્ડોમાં ટોટલ રકમ આપી Enter (એન્ટર) key પ્રેસ કરતાં તે બિલ સામે મેળવેલ રકમ પોતાની મેળે તદનુસાર સુધરી જશે.
૩. ઉપર જણાવેલ સુવિધા, એક ઉદાહરણ દ્વારા સરળતાથી સમજી શકાશે. ધારો કે એક રસીદમાં ત્રણ બિલ સામે અનુક્રમે રૂપિયા ૧,૭૪૫.૦૦, ૨,૩૮૦.૦૦ અને ૩,૫૫૦.૦૦, એમ કુલ્લે રૂપિયા ૭,૬૭૫.૦૦ લેવાના છે. પરંતુ ગ્રાહક ફક્ત રૂપિયા ૬,૦૦૦.૦૦ ભરવા સમર્થ હોઇ, અંતિમ બિલ સામે રૂપિયા ૧,૮૭૫.૦૦ જમા કરી રૂપિયા ૧,૬૭૫.૦૦ બાકી રાખવા જણાવે છે. આવા કિસ્સામાં, જાતે ગણત્રી કરી રકમ સુધારવા કરતાં તે બિલ સામે રકમ જમા કરવાની કોલમ ઉપર પેજ ડાઉન (Page Down key) દબાવી ૬,૦૦૦.૦૦ ટાઇપ કરી એન્ટર દબાવતાં, તે બિલ સામે રૂપિયા ૧,૮૭૫.૦૦ જમા થઇ જશે અને રસીદની રકમ રૂપિયા ૬,૦૦૦.૦૦ થઇ જશે.

## ચેક પ્રિન્ટીંગ (Cheque Printing)

કોઇ પણ બેંકના ચેકનું ફોર્મેટ સરળતાથી સેટ કરવાની તેમ જ તેમાં અવારનવાર જરૂરિયાત મુજબ ફેરફાર કરવાની નવી પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. નવી પદ્ધતિ કાર્યાન્વિત કરવા, પેરામીટર સેટિંગમાં (પાના નંબર ૨ ઉપર) ચેક પ્રિન્ટીંગ પદ્ધતિ સામે **N** આપવું. જુની પદ્ધતિ ઉપર પાછા જવા **O** આપવું. નવી પદ્ધતિ પ્રમાણે ચેકનું ફોર્મેટ સેટ કરવાની સંપૂર્ણ માહિતી અલગ ફાઇલમાં આપવામાં આવી છે.

**<u>વેચાણ રજીસ્ટર (Sales Register)</u>**

હવે ગોડાઉન મુજબ પણ વેચાણ રજીસ્ટર મળી શકશે.

**<u>ઉગરાણી લિસ્ટ (O/S Sales Register)</u>**

હવે, બ્રોકર મુજબનુ (Brokerwise), એકથી વધારે ફર્મનું (Multiple Firms), ઉગરાણી લિસ્ટ પ્રિન્ટ કરતી વખતે, ફર્મના નામ અંગેની ગૂંચવણ દૂર કરવા, દરેક નવા પાને ફર્મનું નામ પ્રિન્ટ કરવામાં આવશે.

**<u>ટેક્ષ કોડ મુજબ વેચાણનો રિપોર્ટ (Tax Codewise Sales Report (New))</u>**

૧. દરેક ગ્રાહકની, ટેક્ષ કોડ મુજબ, વેચાણ બિલની વિગતો મેળવવા માટેનો નવો રિપોર્ટ ઉમેરવામાં આવ્યો છે.

૨. આમ તો આ રિપોર્ટ કોઇ પણ ટેક્ષ કોડ મુજબ વેચાણ બિલોની વિગતો મેળવવા માટે ઉપયોગી છે. પરંતુ, સી-ફોર્મ (C-Form) અથવા એચ-ફોર્મ (H-Form) અથવા અન્ય કોઇ પણ ફોર્મ હેઠળ થયેલ વેચાણ બિલો સામે, ગ્રાહક પાસેથી મળેલ ફોર્મના નંબર અને તારીખ જેવી વિગતો સાચવવા અત્યંત ઉપયોગી સાબિત થશે.

૩. જે વેચાણ બિલ સામે ફોર્મ મળવાનું બાકી હોય અથવા જે વેચાણ બિલ સામે ફોર્મ મળી ગયું હોય અથવા બન્ને વિકલ્પ હેઠળના વેચાણ બિલોની વિગતો, જરૂરિયાત મુજબ, હવે અત્યંત સરળતાથી મળી શકશે.

૪. રિપોર્ટ માટે જોઇતી કોલમ પસંદ કરવાનો અથવા વણજોઇતી કોલમ રદ કરવાની સવલત પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

૫. જરૂર પડે તો, આ રિપોર્ટ એક્સેલ ફાઇલ ફોર્મેટ (Excel File Format) માં પણ મેળવી શકાશે.

**<u>બેંક ઓવરડ્રાફ્ટ ઉપર વ્યાજની ગણત્રીનો રિપોર્ટ (Bank O/D Interest Report)</u>**

હવે, દરેક દિવસના અંતે રહેતી બેલેન્સનો ટોટલ પણ દર્શાવવામાં આવશે. જો કોઇ દિવસમાં એક પણ વ્યવહાર (જમા / ઉધાર) ન થયો હોય તો, તેના આગળના દિવસની બેલેન્સ, તે દિવસની બેલેન્સ તરીકે ગણવામાં આવશે. ઉદાહરણ રૂપે ધારો કે પહેલા દિવસના અંતે રૂપિયા ૧ લાખ બેલેન્સ છે, બીજા દિવસે કોઇ પણ વ્યવહાર નથી અને ત્રીજા દિવસના અંતે રૂપિયા ૩ લાખ બેલેન્સ છે. આ કિસ્સામાં, બેલેન્સનો ટોટલ રૂપિયા ૫ લાખ (૪ લાખ નહીં) થશે.

**<u>પેરામીટર સેટિંગ (Parameter Setting)</u>**

**ડિફોલ્ટ ગોડાઉન કોડ (Default godown code)**

હવે, ઘરૂ આવક, વછાતી આવક, વેચાણ એન્ટ્રી, ડિલિવરી ઓર્ડર એન્ટ્રી, મીલીંગ/કન્વર્ઝન એન્ટ્રી અને ગોડાઉન ટ્રાન્સફર એન્ટ્રીમાં જોઇતો ગોડાઉન કોડ, પોતાની મેળે આવી જશે. આમ કરવા માટે, પેરામીટર સેટિંગમાં, પાના નંબર ૫ ઉપર ડિફોલ્ટ ગોડાઉન કોડ સામે જોઇતો ગોડાઉન કોડ આપવો.

**રસીદ એન્ટ્રીમાં રકમ રાઉન્ડ ઓફ કરવાની સવલત (Bills Collection Round-Off Indicator)**

૧. રસીદની રકમ, પોતાની મેળે, નજીકના રૂપિયામાં રૂપાંતર કરવા (રાઉન્ડ ઓફ કરવા)ની નવી સવલત ઉમેરવામાં આવી છે. રાઉન્ડ ઓફ કરવા માટે ત્રણ વિકલ્પો ઉપલબ્ધ છે. પેરામીટર સેટિંગમાં પાના નંબર ૫ ઉપર જોઇતો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. રસીદમાં સમાવિષ્ટ એકથી વધારે દરેક બિલ સામે મેળવેલ રકમ વ્યક્તિગતપણે રાઉન્ડ ઓફ કરવા માટે **E** વિકલ્પ પસંદ કરવો. તેમ ન કરતાં, રસીદની ટોટલ રકમ રાઉન્ડ ઓફ કરવા **L** વિકલ્પ પસંદ કરવો. આ સવલત રદ કરવા, ઉપર જણાવેલ ઇન્ડિકેટર સામે ખાલી (Blank) રાખવું.

૨. એક ઉદાહરણ દ્વારા, આ સુવિધા વધુ સારી રીતે સમજાવી શકાશે. ધારો કે કોઇ એક રસીદમાં ત્રણ બિલો સામે અનુક્રમે રૂપિયા ૧૧૩૦.૩૦, ૧૨૪૫.૫૬ અને ૧૩૭૮.૫૦ લેવાના થાય છે.

૩. જો **E** વિકલ્પ પસંદ કર્યો હશે, તો ઊપર જણાવેલ રકમો, પોતાની મેળે અનુક્રમે રૂપિયા ૧૧૩૦.૦૦, ૧૨૪૬.૦૦ અને ૧૩૭૯.૦૦ તરીકે બદલાઇ જશે અને રસીદની કુલ્લે રકમ રૂપિયા ૩૭૫૫.૦૦ થશે.

૪. પરંતુ, જો **L** વિકલ્પ પસંદ કર્યો હશે તો ફક્ત અંતિમ બિલ સામેની રકમ પોતાની મેળે બદલાશે. એટલે કે ઉપર જણાવેલ પ્રથમ બે રકમમાં પોતાની મેળે કોઇ બદલાવ થશે નહીં. અંતિમ બિલ સામેની રકમ પોતાની મેળે બદલીને રૂપિયા ૧૩૭૮.૧૪ થઇ જશે. આ કિસ્સામાં રસીદની કુલ્લે રકમ રૂપિયા ૩૭૫૪.૦૦ થશે. આમ આ વિકલ્પ દ્વારા, રસીદમાં દરેક બિલની સામેની રકમ રાઉન્ડ ઓફ કરવાને બદલે ફક્ત અંતિમ બિલની સામે મેળવેલ રકમ રાઉન્ડ ઓફ થશે.

**ચેક પ્રિન્ટીંગ પદ્ધતિ પસંદ કરવાની સવલત (Cheque Printing Method)**

ચેક પ્રિન્ટીંગની પદ્ધતિ પસંદ કરવા માટેનો પેરામીટર પાના નંબર ૨ ઉપર આપવામાં આવ્યો છે. નવી પદ્ધતિ પસંદ કરવા **N** આપવું, જુની પદ્ધતિ મુજબ ચેક પ્રિન્ટ કરવા **O** આપવું.

**<u>બાકી રહેલા ખરીદના બિલોનું કેરી ફોર્વડ (Unpaid Purchase Bills Carry Forward)</u>**

સામાન્યપણે, ખરીદીના બિલોની ચુકવણીની એન્ટ્રી, ઘરૂ/વછાતી પેમેન્ટ એન્ટ્રી મોડયુલમાંથી, ખરીદની એન્ટ્રીનો નંબર (Idn No) રેફરન્સ આઇડેન્ટીફીકેશન નંબર (Ref Idn) કોલમ હેઠળ જણાવી તેની સામે અન્ય વિગતો આપી કરવાની હોય છે. આ પ્રકારે એન્ટ્રી કરતાં, બાકી રહેલા બિલોનું લિસ્ટ મેળવી શકાય છે તેમ જ તે બિલોનું કેરી ફોર્વડ પણ કરી શકાય છે જેથી નવા વર્ષમાં, જુના વર્ષના બાકી રહેલા બિલો સામે વ્યક્તિગત ધોરણે ચુકવણીની એન્ટ્રી કરી શકાય. પરંતુ જો ઉપર જણાવ્યા પ્રમાણે એન્ટ્રી ન કરતાં, રોજમેળમાંથી અથવા ઘરૂ/વછાતી પેમેન્ટ એન્ટ્રી મોડયુલમાંથી, ખરીદની એન્ટ્રીનો નંબર આપ્યા વગર ચુકવણીની એન્ટ્રી કરવામાં આવી હોય અને ભૂલમાં બાકી રહેલા બિલોનું કેરી ફોર્વડ કરી નાખ્યું હોય તો જુના

વર્ષ અને અમુક કિસ્સાઓમાં તો તેનાથી પણ આગળના વર્ષોના તમામ બિલો, નવા વર્ષમાં બાકી બિલો તરીકે ખેંચાઇ આવતાં હોય છે. આ ત્રુટિને દૂર કરવા, આવા કિસ્સાઓમાં, બાકી રહેલા ખરીદના બિલોનું કેરી ફોર્વર્ડ કરવાનો વિકલ્પ નિષ્ક્રિય (deactivate) કરવામાં આવશે જેથી અવાંછિત ગેરસમજણ ઊભી ન થાય.

<u>પેન્ડીંગ ડિલિવરી ઓર્ડરનું કેરી ફોર્વર્ડ</u> **<u>(Pending Delivery Order Carry Forward)</u>**
જુના વર્ષના બાકી રહેલા તેમ જ કેન્સલ નહીં કરેલા તમામ ડિલિવરી ઓર્ડરનું કેરી ફોર્વર્ડ કરવાનો નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.

**<u>ખામી / ત્રુટિઓનું નિરાકરણ (Rectification of errors)</u>**
**નંગ અને વજનનો સ્ટોક રિપોર્ટ (Qty and Wt Stock Report)**
વછાતી વેચાણ એન્ટ્રી (Vachhati Sales Entry) માંથી નવા લોટ નંબરમાં ટ્રાન્સફર કરવામાં આવેલ ગુણી/બાચકા તથા વજન બે વાર દર્શાવતી ભૂલ રિપોર્ટમાંથી દૂર કરવામાં આવી છે.

**બેંક ઓવરડ્રાફટ ઉપર વ્યાજની ગણત્રીનો રિપોર્ટ (Bank O/D Interest Report)**
હાલ, ઓપનીંગ બેલેન્સ ઉપર વ્યાજની ગણત્રી કરવા માટે જરૂરી દિવસોની ગણત્રીમાં રહેલ ખામી દૂર કરી લેવામાં આવી છે. વધારાના ૧ દિવસની ખામી સુધારી લેવામાં આવી છે.

---

# <u>વર્ઝન નંબર ૧૧.૩૮ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

**<u>આઇટમ માસ્ટર (Item Master)</u>**

૧. મહારાષ્ટ્રની અંદર તેમ જ બહારની ખરીદ અને વેચાણની એન્ટ્રી કરતી વખતે આપવા પડતા સેલ્સ ટેક્ષ કોડ, આપમેળે મેળવવા, અહીં જણાવવાનાં રહેશે. ખરીદ અંતર્ગત OMS Tax Code ની સામે જણાવેલ ટેક્ષ કોડ, મહારાષ્ટ્રની બહારથી કરવામાં આવેલ ખરીદની એન્ટ્રી કરતી વખતે પોતાની મેળે આવી જશે. તે જ રીતે, MS Tax Code ની સામે જણાવેલ ટેક્ષ કોડ, મહારાષ્ટ્રમાંથી કરવામાં આવેલ ખરીદની એન્ટ્રી કરતી વખતે પોતાની મેળે આવી જશે. આ જ પ્રમાણે વેચાણ અંતર્ગત OMS Tax Code અને MS Tax Code ની સામે આપેલ ટેક્ષ કોડ, અનુક્રમે, મહારાષ્ટ્રની બહાર અને મહારાષ્ટ્રની અંદર કરેલ વેચાણની એન્ટ્રી કરતી વખતે પોતાની મેળે આવી જશે.
૨. રેશનીંગ ડિપાર્ટમેન્ટને કિવંટલમાં આપવો પડતો માસિક સ્ટોકનો રિપોર્ટ મેળવવા દરેક આઇટમનો Ration Code જણાવવાનો રહેશે.
૩. દરેક આઇટમના ખરીદ અને વેચાણ માટેના MS Tax Codes અને OMS Tax Codes તેમ જ Ration Codes, સાગમટે નાખવા માટેનો વિકલ્પ (Change

Tax Codes Simultaneously) ઉમેરવામાં આવ્યો છે જે આઇટમ કોડ ઉપર પેજ અપ દબાવતાં ઉપ્લબ્ધ થશે.

૪. નકામા આઇટમ માસ્ટર સાગમટે કાઢી નાખવા માટેની સુવિધા (Delete Unused Masters) અને વછાતોને ઉધારવાના ખર્ચના દરોની વિગતો જણાવવાની સુવિધા (Vachhati Expenses Paramters), હવેથી આઇટમ કોડ ઉપર પેજ અપ દબાવતાં ઉપ્લબ્ધ થશે. અગાઉ આ સવલતો માટે જુદી જુદી Keys ફાળવવામાં આવી હતી.

## રેશન માસ્ટર (Ration Master)

૧. રેશનીંગ ડિપાર્ટમેન્ટને અમુક આઇટમ (હાલ ઘઉ, ચોખા, કઠોળ અને તેલીબિયાં)ની આવક, જાવક તેમ જ સ્ટોકની વિગતોનો રિપોર્ટ આપવાનો હોય છે. આ રિપોર્ટ મેળવવા, આઇટમ માસ્ટરમાં, સંબંધિત આઇટમોનો રેશન કોડ જણાવવાનો રહેશે.

૨. રેશન કોડ ઉપર **F1** દબાવતાં, રેશન માસ્ટરની હેલ્પ મળી રહેશે. નવો રેશન કોડ નાખવા **A Key,** હયાત માસ્ટરની વિગતો સુધારવા **E Key,** તેમ જ અનાવશ્યક માસ્ટર કાઢી નાખવા **Del (Delete) Key** ની સવલત હેલ્પની અંદર જ આપવામાં આવી છે.

૩. રેશનીંગ સ્ટોકના રિપોર્ટ માટે આઇટમોની ગોઠવણી કરવાની સુવિધા પણ, **R Key** મારફતે, હેલ્પની અંદર જ આપવામાં આવી છે.

૪. હયાત રેશનીંગ માસ્ટરને કાઢી નાખ્યા વગર ફક્ત નિષ્ક્રિય કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. Active? કોલમ હેઠળ No દર્શાવેલ રેશનીંગ માસ્ટરનો રિપોર્ટ માં સમાવેશ કરવામાં આવશે નહીં.

## વેચાણ પરત (રિટર્ન)ની એન્ટ્રી (Sales Return Entry)

૧. રસીદ એન્ટ્રીની જેમ, એન્ટ્રી કરનારનું નામ (User Name) તથા પાસવર્ડ (Password) એન્ટ્રીની શરૂઆતમાં જ જણાવવાનું રહેશે.

૨. હવેથી પહેલી સ્ક્રીનમાં જણાવેલ વેટ, એ.પી.એમ.સી., વગેરે રકમો પોતાની મેળે બીજી સ્ક્રીનમાં આવી જશે. તેમ જ બીજી સ્ક્રીનમાં, તે રકમો સુધારવા મળશે નહીં. આ રકમો સંબંધિત ખાતાઓ માત્ર, બીજી સ્ક્રીનમાં જણાવવા અથવા સુધારવા અપાશે. જો જરૂર પડે તો ઉપર જણાવેલ રકમો પહેલી સ્ક્રીનમાં જ સુધારી લેવી.

## રેશનીંગ સ્ટોકનો રિપોર્ટ (Rationing Stock Report)

૧. રેશનીંગ ડિપાર્ટમેન્ટ માટે કિવન્ટલમાં આવક, જાવક તથા બેલેન્સ દર્શાવતો નવો રિપોર્ટ ઉમેરવામાં આવ્યો છે. હાલ, આ રિપોર્ટમાં ઘઉ, ચોખા, કઠોળ તેમ જ તેલીબિયાંની આવક, જાવક તેમ જ સ્ટોકની વિગતો દશોવવાની હોય છે.

૨. આ રિપોર્ટ મેળવવા, આઇટમ માસ્ટરમાં, ઘઉ, ચોખા, કઠોળ તેમ જ તેલીબિયાંની દરેક આઇટમમાં યોગ્ય રેશન કોડ આપવાનો રહેશે.
૩. આ રિપોર્ટમાં આવતાં, માલિક / ભાગીદારનું નામ તથા રેશનીંગ લાયસન્સ નંબર આપવું. આ વિગત એક વખત આપવાની હોય છે.
૪. ત્યાર બાદ, જે મહિના સુધીનો રિપોર્ટ મેળવવો હોય તે મહિનાની અંતિમ તારીખ નાખતાં, શરૂઆતથી લઇ તે મહિના સુધીનો રિપોર્ટ ઉપલબ્ધ થશે. દા.ત. ૩૦/૦૬/૨૦૧૨ તારીખ આપતાં, એપ્રિલ, મે તથા જુન, એમ ત્રણ મહિનાનો રિપોર્ટ ઉપલબ્ધ થશે. પ્રથમ મહિનાનો ઓપનીંગ સ્ટોક જાતે આપવાનો રહેશે. **C Key** દબાવતાં દરેક મહિનાની ઓપનીંગ સ્ટોક, આવક, જાવક તથા ક્લોઝીંગ સ્ટોકની ગણત્રી થઇ જશે. આ રીતે ગણત્રી થયેલ વિગતો, મુખ્ય રિપોર્ટની વિન્ડોમાં મેળવવા **U Key** પ્રેસ કરવી. જે મહિનાની વિગતો સેવ કરવી હોય તે મહિનાના કોષ્ટક ઉપર **F5 Key** પ્રેસ કરવી. રિપોર્ટ પ્રિન્ટ કરવા **P Key** પ્રેસ કરવી.

## વેટ માટેના ખરીદ તથા વેચાણ રજીસ્ટર (Sales Register (VAT Purpose) and Purchase Register (VAT Purpose))

ખરીદ તથા વેચાણના બિલોમાં, સામાન્યપણે, અસોસિએસન લાગા, એપીએમસી, એન્ટ્રી સેસ તથા અન્ય રકમોનો સમાવેશ કરવામાં આવતો હોય છે. વેટ રિટર્ન ભરતી વખતે તેમ જ અસેસમેન્ટ વખતે આ વિગતો, અલગથી દર્શાવવાની હોય છે. હવે, આ વિગતોનું મહારાષ્ટ્રની અંદર તેમ જ બહારની વિગતોમાં વિભાજન (MS/OMS break-up) કરવાનો નવો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.